પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪૧ | ૨૨ એપ્રિલ, ૨૦૧૭, શનિવાર ; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### હોટલ, રેસ્ટોરન્ટમાં સર્વિસ ચાર્જ આપવો જરૂરી નથી



કેન્દ્ર સરકારે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધુ છે કે હોટેલ્સ અને રેસ્ટોરન્ટ એ નક્કી નહી કરી શકે કે ગ્રાહકો પાસેથી કેટલો સર્વિસ ચાર્જ વસૂલી શકાય. ગ્રાહકો એ નક્કી કરશે કે તેઓ સર્વિસ ચાર્જ આપવા માંગે છે કે નહી.

# કાશ્મીરના પથ્થરબાજો સામે દેશભરમાં આક્રોશ

**કાશ્મીરી યુવાનોની સામે દેશમાં આક્રોશનું મોજુ : પથ્થરબાજોની સામે આગ દેશના બીજા ભાગોમાં પણ ફેલાઈ : કાશ્મીરી વિદ્યાર્થીઓનો બહિષ્કાર કાશ્મીરી વિદ્યાર્થીઓની સુરક્ષાની ખાતરી કરવાની કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યોને તમામ સૂચના આપવામાં આવી**

મેરઠ, તા.૨૧

કાશ્મીરમાં સ્થાનિક યુવાનો દ્વારા ભારતીય સેના ઉપર કરવામાં આવી રહેલા પથ્થરમારાની આગ હવે દેશના બીજા રાજ્યો સુધી પહોંચી રહી છે. રાજસ્થાનના ચિત્તોગઢમાં મેવાડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર કાશ્મીરી વિદ્યાર્થીઓની સાથે કેટલાક સ્થાનિક લોકો દ્વારા મારામારી કરવામાં આવી છે. જેમાં છ કાશ્મીરી ઘાયલ થઈ ગયા છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશના મેરઠમાં કાશ્મીરી વિદ્યાર્થીઓના બહિષ્કાર કરવાની જાહેરાત કરવામાં આવી છે. પોસ્ટર લગાવીને કાશ્મીરીઓને મેરઠ છોડી દેવા માટે સૂચના આપવામાં આવી છે. આ સમગ્ર મામલાની નોંધ લઈને ગૃહ મંત્રાલયે મામલાને ગંભીરતાથી લીધો છે અને તમામ રાજ્યોને



કાશ્મીરી વિદ્યાર્થીઓની સુરક્ષાની ખાતરી કરવા માટે કહેવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને સલાહ જારી કરીને કાશ્મીરી વિદ્યાર્થીઓની સુરક્ષાની ખાતરી કરવા કહ્યું છે. ગૃહ મંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે તેઓએ રાજ્યોને આદેશ કર્યો છે કે કોઈપણ કાશ્મીર બાળકોની સાથે કોઈ મારામારી કરવામાં ન આવે. જો કાશ્મીરી બાળકો સાથે અયોગ્ય વર્તન કરવામાં આવે છે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. રાજનાથસિંહનું કહેવું છે કે કાશ્મીરી વિદ્યાર્થીઓ પણ ભારતના જ વિદ્યાર્થીઓ છે. ઉત્તરપ્રદેશ નવનિર્માણ સેના નામના એક સંગઠન તરફથી મેરઠ-દહેરાદુન હાઈવે પર મોટા મોટા હોર્ડિંગ મુકી દેવાયા છે. આમાં ઉત્તરપ્રદેશમાં રહેતા કાશ્મીરીઓને પ્રદેશ છોડીને જવાની ચેતવણી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# હાફિઝ સઈદ ત્રાસવાદી છે અંતે પાકિસ્તાનની કબુલાત

**હાઇકોર્ટમાં પાકિસ્તાન ગૃહ મંત્રાલયની કબુલાત હાફિઝ સઇદને ગેરકાયદે રીતે કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે તેવી જામાત ઉદ દાવાની કબુલાત**



લાહોર,તા. ૨૧

લાહોર હાઈકોર્ટેને લખવામાં આવેલા એક પત્રમાં પાકિસ્તાનના ગૃહ મંત્રાલય દ્વારા કબુલાત કરવામાં આવી છે કે હાફિઝ સઈદ ત્રાસવાદી ગતિવિધી સાથે જોડાયેલા છે. હકીકતમાં જમાત ઉદ દાવાના પ્રમુખ હાફિઝ સઈદે કોર્ટમાં એમ કહીને દલીલ કરી હતી કે તેને છેલ્લા કેટલાક મહિનાથી ગેરકાયદે રીતે કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે. આ અરજીના જવાબમાં પાકિસ્તાનના ગૃહ મંત્રાલયના અધિકારીએ કહ્યુ હતુ કે હાફિઝના ત્રાસવાદીઓ સાથે સંબંધ રહેલા છે. પોતાના પત્રમાં મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે સઈદને એન્ટી ટેરેરિઝમ એક્ટ હેઠળ કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે.હાફિઝ પર પાકિસ્તાનમાં શાંતિને અસ્થિર કરવા માટે આરોપો મુકવામાં આવ્યા છે. પોતાના પત્રમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે

● અનુસંધાન પાન-૭ પર

# આધારને વૈકલ્પિક રાખવા આદેશ છે તો તેને ફરજિયાત કેમ : સુપ્રીમ

**સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને વેધક પ્રશ્ન કર્યો : ૨૫મીએ સુનાવણી : પેનકાર્ડ મેળવવા માટે આધારને ફરજિયાત કરવાની સરકારની હિલચાલને પડકાર ફેંકતી અરજી પર સુનાવણી થશે :કેન્દ્ર તરફથી તર્કદાર દલીલો કરાઈ**

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રિમ કોર્ટે આજે કેન્દ્ર સરકાર સમક્ષ વેધક પ્રશ્નો કર્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે જ્યારે અમે આધારકાર્ડના ઉપયોગને વૈકલ્પિક કરવાનો આદેશ આપ્યો છે ત્યારે તેને ફરજિયાત કેમ કરવામાં આવ્યો છે. આજે આઈટી રિટર્ન દાખલ કરવામાં આધાર ફરજિયાત કરવાને લઈને દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા સુપ્રિમ કોર્ટે આ મુજબની ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું હતું કે તે આગામી સપ્તાહમાં સુનાવણી કરશે કે ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવા માટે આધારનો ફરજિયાત કરવામાં આવે કે કેમ. સુપ્રિમ કોર્ટની બેંચે પ્રશ્ન કર્યો હતો કે આધારકાર્ડને જરૂરી કેમ કરી શકાય છે કારણ કે અમે આને વૈકલ્પિક બનાવવા માટેનો આદેશ આપી દીધો છે. આના જવાબમાં એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ કહ્યું હતું કે સરકારની પાસે હવે આનો ઉપયોગ કરવા માટે કાયદો છે. સરકારની તરફેણ કરતા રોહતાગીએ કહ્યું હતું કે અમે જોઈ ચુક્યા છીએ કે તમામ બનાવટી કંપનીઓમાં ફંડને ટ્રાન્સફર કરવા માટે પેનકાર્ડનો ખોટો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર










ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧




